સ્ટેશન પર ક્લોરીન અને જીવાણુ સંબંધિત ટેસ્ટના આધારે પાણીની ચકાસણી

હજારો મુસાફરોની તરસ છિપાવતા વડોદરા સહિતના સ્ટેશનોના પાણી ટેસ્ટમાં પાસ

અવશિષ્ટ ક્લોરીનના કુલ 333 નમૂના તપાસાયા હતા



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળે પીવાના પાણીની ગુણવત્તા તપાસમાં 100 ટકા સફળતા મેળવી છે. 27 ઓક્ટોબરથી 2 નવેમ્બર દરમિયાન હાથ ધરાયેલા સઘન ચેકિંગમાં તમામ 362 નમૂના નિર્ધારિત ધોરણ મુજબ સંતોષકારક જણાયા છે.

વડોદરા મંડળના સ્ટેશનો પર દરરોજ મોટી સંખ્યામાં મુસાફરોની અવરજવર રહે છે, ત્યારે ચિકિત્સા વિભાગ દ્વારા બે મહત્વના માપદંડ - અવશિષ્ટ ક્લોરીન અને જીવાણુ સંબંધિત ટેસ્ટના આધારે પાણીની ચકાસણી કરાઈ હતી. જનસંપર્ક અધિકારી ખેમરાજ મીના દ્વારા જણાવ્યા મુજબ, અવશિષ્ટ ક્લોરીનના કુલ 333 નમૂના તપાસાયા હતા અને તમામ 333 સંતોષકારક મળ્યા હતા. જ્યારે જીવાણુ સંબંધિત ગુણવત્તા માટે 29 નમૂનાની તપાસ કરાઈ હતી, તે પણ માપદંડ મુજબના જણાયા હતા.

આમ એક સપ્તાહમાં 362માંથી 362 નમૂના પાસ થયા છે. અવશિષ્ટ ક્લોરીનનું યોગ્ય સ્તર પાણીમાં જંતુનાશક અસર જાળવી રાખે છે, જ્યારે જીવાણુ ટેસ્ટ પાણીની સ્વચ્છતાની પુષ્ટિ કરે છે. મંડળનો ચિકિત્સા વિભાગ નિયમિતપણે આ તપાસ કરી રહ્યો છે, જેનો હેતુ રેલવે પરિસરમાં સ્વચ્છ અને સુરક્ષિત વાતાવરણ જાળવી રાખવાનો અને મુસાફરોનો વિશ્વાસ મજબૂત કરવાનો છે.

૨૯ વર્ષીય યુવાન દર્દીના મોંની પાછળના ભાગની જટિલ ગાંઠ

વડોદરામાં પહેલીવાર સોફ્ટ પેલેટના કેન્સર માટે થઈ ટ્રાન્સઓરલ રોબોટિક સર્જરી

માથા અને ગળાના કેન્સરની સારવારમાં રોબોટિક પદ્ધતિ વરદાનરૂપ સાબિત થઈ રહી છે



(પ્રતિનિધિ), વડોદરા. તા.૩

શહેરના એચસીજી કેન્સર સેન્ટર ખાતે તાજેતરમાં ચિકિત્સા ક્ષેત્રે એક મોટી સફળતા હાંસલ કરવામાં આવી છે. મોંની ઉપરના ભાગના પાછળના નરમ હિસ્સા પર થયેલી કેન્સરની ગાંઠને દૂર કરવા માટે અહીં વડોદરામાં પ્રથમવાર 'ટ્રાન્સઓરલ રોબોટિક સર્જરી' સફળતાપૂર્વક પાર પાડવામાં આવી છે. આ અત્યાધુનિક સર્જરી દર્શાવે છે કે માથા અને ગળાના કેન્સરના પસંદગીના કસોટીઓમાં રોબોટની મદદથી સારવાર કેટલી કારગર નીવડી શકે છે. આ જટિલ સર્જરી એચસીજી કેન્સર સેન્ટરના કન્સલ્ટન્ટ - સર્જિકલ ઓન્કોલોજી અને ડિરેક્ટર (હેડ એન્ડ નેક ઓન્કોલોજી) ડૉ. નિશિથ મોદી અને તેમની હેડ એન્ડ નેક સર્જરીની ટીમ દ્વારા કરવામાં આવી હતી. કેસની વિગતો આપતા તબીબોએ જણાવ્યું કે, ૨૯ વર્ષીય પુરુષ દર્દીના મોંમાં સોફ્ટ પેલેટ પર કેન્સર હોવાનું નિદાન થયું હતું. ગાંઠ T2 સ્ટેજની હતી.

ઘુવડ, કાચબો, હાથાજોડી જેવા જીવો કે અંગોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ

દિવાળીમાં અંધશ્રદ્ધાના નામે વન્યજીવોના વેચાણ અને પૂજા સામે GSPCAની ચેતવણી

નાગરિકોને અંધશ્રદ્ધાથી દૂર રહેવા અને આવી પ્રવૃત્તિ કરનારની માહિતી આપવા અપીલ



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

દિવાળીના પર્વ નજીક આવતાં જ રાજ્યમાં અને શહેરમાં અંધશ્રદ્ધાના નામે મૂંગા પશુઓ અને વન્યજીવોના શોષણનું પ્રમાણ વધી જતું હોય છે. આ બાબતે ગંભીર નોંધ લેતાં ગુજરાત સોસાયટી ફોર પ્રિવેન્શન ઓફ ક્રુએલ્ટી ટુ એનિમલ્સ (G.S.P.C.A.) - વડોદરા દ્વારા શહેરની જનતા માટે એક મહત્વપૂર્ણ અને કડક જાહેર અપીલ કરવામાં આવી છે.

સંસ્થાના જણાવ્યા અનુસાર, ધનતેરસ અને કાળીચૌદસ જેવા પવિત્ર દિવસોમાં ધન-દોલત કે સિદ્ધિ મેળવવાની ઘેલછામાં કેટલાક લોકો અંધશ્રદ્ધાનો આશરો લઈ અસંખ્ય વન્યજીવોના જીવ જોખમમાં મૂકે છે. G.S.P.C.A. દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે નીચે મુજબના કોઈપણ વન્યજીવ કે તેના અંગોને ઘરે લાવવા, તેની પૂજા કરવી, સ્મશાનમાં વિધિ કરવી કે તેનું વેચાણ કરવું એ સદંતર ગેરકાયદેસર છે. જેમાં મુખ્યત્વે ઘુવડ અને પટલા ઘો, શેડો અને કાચબો, ઈન્દ્રજાળ, હાથાજોડી અને બિલાડીની ઓર, શિયાળ શિંગડી, કસ્તુરી અને સાહુડીના કાંટા તથા અન્ય કોઈપણ વન્યજીવ કે તેના જીવિત અથવા મૃત અંગો. સંસ્થાએ નાગરિકોને ચેતવણી આપી છે કે વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ મુજબ ઉપરોક્ત કોઈપણ વન્યજીવ કે તેના અંગોનો વેપાર કરવો, કબજામાં રાખવા કે તેની પૂજા-પાઠ કરવી એ એક અજામીનપાત્ર ગંભીર ગુનો બને છે. આ કાયદા અંતર્ગત પકડાયેલ વ્યક્તીને જેલની સજા અને ભારે દંડ થઈ શકે છે. G.S.P.C.A. દ્વારા વડોદરાની જનતાને અપીલ કરવામાં આવી છે કે તેઓ કોઈપણ પ્રકારની અંધશ્રદ્ધાથી દૂર રહે અને જો આસપાસના વિસ્તારમાં કોઈ વ્યક્તિ આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કે વન્યજીવોનું વેચાણ કરતા નજરે પડે, તો તાત્કાલિક સંસ્થાને કે વન વિભાગને તેની જાણ કરવી,

વડોદરા સહિત છ જિલ્લાઓમાં ૩૭ વર્ષ સુધી સરકારી સેવા આપી

કપરાડાના દુર્ગમ વિસ્તારમાં પ્રથમ ટીવી સેટ સ્થાપિત કરનારા સુશિલ ક્રિશ્યન નિવૃત્ત



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

પ્રાદેશિક માહિતી કચેરી, વડોદરા ખાતે નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા સુશિલ ક્રિશ્યન ૩૭ વર્ષની સરકારી સેવા પૂર્ણ કરી નિવૃત્ત થયા છે. તેમની નિવૃત્તિ નિમિત્તે કચેરી ખાતે વિદાય સમારોહ યોજાયો હતો.

ક્રિશ્યને કારકિર્દીની શરૂઆત ગ્રામ્ય પ્રસારણ શાખાથી કરી હતી. તેમણે વડોદરા ઉપરાંત આણંદ, નડિયાદ, ગોધરા, નવસારી અને વલસાડ ખાતે ફરજ બજાવી હતી. વલસાડમાં સાત વર્ષના કાર્યકાળ દરમિયાન ૧૯૯૦ના દાયકામાં કપરાડા જેવા દુર્ગમ વિસ્તારમાં સરકારની યોજના હેઠળ પ્રથમ ટેલિવિઝન સેટ સ્થાપિત કરવામાં તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ગ્રામ્ય વિસ્તારો સુધી પ્રસારણ સુવિધા પહોંચાડવાના તેમના યોગદાન બદલ ગત ૧૫ ઓગસ્ટે આણંદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તેમનું સન્માન પણ કરાયું હતું.

વિદાય સમારોહમાં સંયુક્ત માહિતી નિયામક હેતલ દવે સહિત અધિકારીઓ અને કર્મચારીઓએ તેમની સેવાઓને બિરદાવી નિવૃત્ત જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

સૈનિક કુમાર છાત્રાલયમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

પૂર્વ સૈનિકો તથા સ્વર્ગસ્થ પૂર્વ સૈનિકોની ધર્મપત્નીઓનાં સંતાનો માટે સુરતના ગૌરવ સેનાની ભવન ખાતે સૈનિક કુમાર છાત્રાલયમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સુરત ખાતે આવેલી શૈક્ષણિક સંસ્થાઓમાં ધોરણ ૮ કે તેથી ઉપરના ધોરણમાં નિયમિત વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ છાત્રાલયમાં રહેવા અને જમવાની સુવિધા પૂરી પાડવામાં આવશે.

છાત્રાલયમાં પ્રવેશ મેળવવા ઇચ્છુક વિદ્યાર્થીઓના માતા-પિતાએ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટની કચેરીનો રૂબરૂ સંપર્ક કરી પ્રવેશ ફોર્મ મેળવી સત્વરે જમા કરાવવાનું રહેશે. પ્રવેશ અંગેની વધુ વિગતો માટે ૦૨૬૧-૨૯૧૩૮૨૦ અથવા ૯૪૨૬૮૦૨૮૨૦ નંબર પર સંપર્ક કરવા મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી, સુરતની અખબારી યાદીમાં જણાવાયું છે.

દુમાડ ગામ નજીક જીવદયાનું ઉત્તમ ઉદાહરણ

કૂવામાં પડી ગયેલા ગાયના વાછરડાને હેમખેમ બહાર કઢાયું

બાપા સીતારામ સેવા મંડળના વિષ્ણુભાઈ અને તેમની ટીમ દ્વારા સરાહનીય કામગીરી



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

દુમાડ ગામ નજીક જીવદયાનું એક પ્રેરણાદાયક અને ઉત્તમ ઉદાહરણ સામે આવ્યું છે, જ્યાં કુદરતી આપત્તિ કે આકસ્મિક દુર્ઘટનામાં મૂંગા પશુઓની વહારે દોડી જવાની લોકભાવના ફરી એકવાર સાબિત થઈ છે. દુમાડ ગામના પાટિયા પાસે એક ઊંડા કૂવામાં ગાયનું વાછરડું પડી જવાની ઘટના બનતા આસપાસના વિસ્તારમાં થોડીવાર માટે અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક ધોરણે બાપા સીતારામ સેવા ભજન મંડળના વિષ્ણુભાઈ વાઘેલાને આ અંગે માહિતી મળતા તેઓ ક્ષણનો પણ વિલંબ કર્યા વગર પોતાની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. રાહત અને બચાવ કામગીરી હાથ ધરતા વિષ્ણુભાઈ અને તેમની ટીમે ભારે જહેમત અને કુનેહપૂર્વક કૂવામાં ફસાયેલા ગૌવંશને સહીસલામત બહાર કાઢી લીધો હતો. વાછરડાને કોઈ પણ પ્રકારની ઈજા પહોંચાડ્યા વગર હેમખેમ બહાર કાઢવામાં આવતા સ્થાનિક ગ્રામજનો અને જીવદયા પ્રેમીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. આ પ્રસંગે ઉપસ્થિતોએ જનસેવા એ જ પ્રભુ સેવા ના સૂત્રને ચરિતાર્થ કરતા તમામ જીવો પર દયાભાવ રાખવાનો સંદેશો પાઠવ્યો હતો.

આલ્ફાજ મજૂર બાંધકામ સહકારી મંડળીના ફડચા અધિકારીની નિમણૂક

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વોરાગામડી સ્થિત ધી આલ્ફાજ મજૂર બાંધકામ સહકારી મંડળી લિ.ને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના તા. ૧૭-૦૮-૨૦૨૬ના હુકમથી સહકારી કાયદાની કલમ ૧૦૩ અને ૧૦૮ હેઠળ ફડચામાં લઈ જવામાં આવી છે. આ સાથે મંડળી માટે ફડચા અધિકારીની નિમણૂક પણ કરવામાં આવી છે.

મંડળી પાસે કોઈનું લેણું કે માંગણું બાકી હોય તો આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી એક માસમાં જરૂરી આધાર-પુરાવા સાથે નોંધાવવાનું રહેશે. આ માટે દાંડિયા બજાર સ્થિત અન્યોઅન્ય કો.ઓપ. બેંકના મકાનમાં આવેલી ફડચા અધિકારીની કચેરીનો રૂબરૂ સંપર્ક કરવો. સમયમર્યાદા બાદ કોઈ લેણું કે માંગણું સ્વીકારવામાં આવશે નહીં અને મંડળીને આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરાશે. આ અંગે સહકારી અધિકારી (ફડચા નં. ૪) દ્વારા અખબારી યાદી પ્રસિદ્ધ કરાઈ છે.

નવા વસ્ત્રોનું વિતરણ અને સ્વાદોત્સવ યોજાયો

અપંગ ના ઓજસ - ગુજરાત દ્વારા દિવ્યાંગ બાળકો સાથે દિવાળીની સ્નેહપૂર્ણ ઉજવણી

દિવ્યાંગતા શરીરમાં હોઈ શકે, સામર્થ્ય અને ઉત્સાહમાં નહીં, સમાજને અપાયો સંવેદનાનો સંદેશ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૩

દિવ્યાંગતા શરીરમાં હોઈ શકે, સામર્થ્ય અને ઉત્સાહમાં નહીં. આ સુંદર વિચારને સાર્થક કરતા પ્રકાશપર્વ દિવાળીની પૂર્વ સંધ્યાએ વડોદરા ખાતે દિવ્યાંગજનોના સર્વાંગી ઉત્કર્ષ માટે અવિરત કાર્યરત સંસ્થા 'અપંગ ના ઓજસ - ગુજરાત' દ્વારા દિવ્યાંગ બાળકો સાથે એક પ્રેરણાદાયી સ્નેહમિલન અને સેવા કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

તહેવારોનો વાસ્તવિક આનંદ વંચિતો અને વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકોના મુખ પર સ્મિત લાવવામાં છે, તે ઉદ્દેશ્ય સાથે સંસ્થા દ્વારા સ્પેશિયલ અને દિવ્યાંગ બાળકોને તેમની પસંદગીના નવાં કપડાંની ખરીદી કરાવીને વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યા હતા. પોતાના મનપસંદ નવાં કપડાં મેળવીને બાળકોના ચહેરા પર અનેરો આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. વસ્ત્ર વિતરણ બાદ સંસ્થા દ્વારા બાળકો અને તેમના પરિવારજનો માટે રાત્રિના સમયે વિશેષ ખાણી-પીણી મહોત્સવ યોજાયો હતો. આ સ્વાદોત્સવમાં રાજસ્થાની પાણીપુરી, ભેલ, ગરમાગરમ ઢોકળાં, પાપડીનો લોટ અને બાળકોની મનપસંદ 'ભૂંગળા બટાકા' સહિતની અવનવી વાનગીઓનો સૌએ ઉલ્લાસપૂર્વક આનંદ માણ્યો હતો.

મહાનુભાવોની ઉપસ્થિતિમાં સન્માન સમારોહ પણ યોજાયો

દિવાળીના પર્વે શિફા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૫૦૦ હિન્દુ મહિલાને સાડી અને રાશન કીટનું વિતરણ

ધારાસભ્ય ઇમરાન ખેડાવાલા ગ્યાસુદ્દીન સેશ એક્ઝી.મેજીસ્ટેટ મહેન્દ્ર વસાણી ઉપસ્થિત રહ્યા



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

શહેરના વાડી વિસ્તારમાં આવેલા બવાહિર હોલ ખાતે શિફા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દિવાળીના પર્વ નિમિત્તે સેવાકીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જરૂરિયાતમંદ પરિવારો, વિધવા બહેનો, દિવ્યાંગજનો અને આર્થિક રીતે નબળા વર્ગના કુલ 500 લોકોને સાડી તથા રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ, પૂર્વ ડેપ્યુટી મેયર ચિરાગ શેખ અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ મહેન્દ્ર વસાણી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઈમરાન ખેડાવાલા, ગ્યાસુદ્દીન શેખ તથા સુરત એકતા ટ્રસ્ટના પ્રમુખ અબ્દુલ રહેમાન મલબારીનું શાલ ઓઢાડી અને ટ્રોફી અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ડૉ. મોહમ્મદ હુસેન, શાહનવાઝ ખાન પઠાણ, સ્મિત સ્વામી, તીર્થ બ્રહ્મભટ્ટ, દીપા શ્રીવાસ્તવ અને પંચમહાલના યુવા આગેવાન સાજીદ વલી સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.

મહેમાનોએ ટ્રસ્ટના સેવાકાર્યને બિરદાવી જરૂરિયાતમંદોને મદદરૂપ થવાના પ્રયાસને સમાજ માટે પ્રેરણારૂપ ગણાવ્યો હતો. ટ્રસ્ટ દ્વારા જાતિ-ધર્મના ભેદભાવ વિના સેવા, સહકાર અને માનવતાની ભાવનાને પ્રાધાન્ય આપવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

ઓનલાઈન યુગમાં પ્રત્યક્ષ મુલાકાત અને સાથે સમય વિતાવવાના મહત્ત્વ પર ભાર

દિવાળીની રોશનીમાં સંબંધો, સંસ્મરણો અને સહિયારા આનંદની અનુભૂતિ

નાની-નાની ખુશીઓ, પરિવાર સાથે વિતાવેલી પળો અને યાદગાર અનુભવોને ઉજાગર કરતી પહેલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

દિવાળી માત્ર દીવડાં, રોશની અને ઉજવણીનો તહેવાર નથી, પરંતુ પરિવાર અને મિત્રો સાથે સમય વિતાવી સંબંધોને વધુ ગાઢ બનાવવાની પણ એક સુંદર તક છે. આ જ ભાવનાને કેન્દ્રમાં રાખીને ઈનોર્બિટ મોલ્સ દ્વારા 'ફિલ્સ લાઈક ઈનોર્બિટ' નામના બ્રાન્ડ કેમ્પેઇનની શરૂઆત કરવામાં આવી છે. આ પહેલ આનંદ, એકતા, આત્મીયતા અને સહિયારા અનુભવોની ઉજવણી કરે છે.

છેલ્લાં 22 વર્ષથી વધુ સમય દરમિયાન ઈનોર્બિટ મોલ્સ અનેક પરિવારો અને મિત્રો માટે મુલાકાત, મનોરંજન, ખરીદી અને સાથે સમય વિતાવવાનું સ્થળ બન્યું છે. તહેવારોની ખરીદી, અચાનક બનતા કાર્યક્રમો, સાથે ભોજન માણવું કે મૂવી જોવી જેવી સામાન્ય લાગતી પળો સમય જતાં સુંદર સંસ્મરણોમાં ફેરવાઈ જાય છે. આ કેમ્પેઇન આવી જ લાગણીસભર ક્ષણોને ઉજાગર કરે છે.

ઈનોર્બિટ મોલ્સના સીઈઓ રજનીશ મહાજને જણાવ્યું કે કંપનીની વિસ્તરણયાત્રા સાથે લોકોનું જોડાણ અને તેમનો વિશ્વાસ હંમેશાં કેન્દ્રસ્થાને રહ્યો છે. ચાર મોલથી આઠ મોલ સુધીની સફર અનેક પરિવારોની યાદગાર ક્ષણો સાથે જોડાયેલી છે. ચીફ બિઝનેસ ઓફિસર રોહિત ગોપાલાનીએ જણાવ્યું કે કોઈપણ અનુભવ ત્યારે જ વિશેષ બને છે, જ્યારે તેને તમામ ઇન્દ્રિયો અને લાગણીઓ સાથે જીવવામાં આવે.

સ્વદેશી મેળામાં મોતીકામની પારિજાત અને કમળની માળા આકર્ષણનું કેન્દ્ર

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

આત્મનિર્ભર ભારત અને 'વોકલ ફોર લોકલ'ના સંદેશ સાથે અકોટા ખાતે યોજાયેલા સ્વદેશી મેળામાં નાગરિકોનો ભારે પ્રતિસાદ મળી રહ્યો છે. તા. ૭ નવેમ્બર સુધી બપોરે ૨થી રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લા રહેતા આ મેળામાં ગુજરાતભરના કારીગરોએ હસ્તકલા અને સ્વદેશી વસ્તુઓના સ્ટોલ લગાવ્યા છે. મેળામાં વડોદરાનાં કવિતાબેન પટેલનો મોતીકામનો સ્ટોલ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. છેલ્લા આઠ વર્ષથી મોતીકામ કરતાં કવિતાબેન દ્વારા ભગવાનનાં આભૂષણો ઉપરાંત મોતીની પારિજાત અને કમળની માળા તૈયાર કરવામાં આવે છે. તેમણે સ્થાનિક કારીગરોની કલાને પ્રોત્સાહન આપવા નાગરિકોને સ્વદેશી વસ્તુઓની ખરીદી કરવા અપીલ કરી છે. મેળામાં કચ્છી બાંધણી, પટોળા, ખાદીનાં વસ્ત્રો, માટીનાં વાસણો, કલાત્મક દીવાઓ, જ્યુટ બેગ્સ અને ઓક્સિડાઇઝ્ડ જ્વેલરીના સ્ટોલ પણ મુલાકાતીઓમાં આકર્ષણ જમાવી રહ્યા છે.

પૂજ્ય વ્રજરાજકુમારજીના સાન્નિધ્યમાં યુવાનોને મળશે કૃષ્ણભક્તિનો લ્હાવો

દિવાળીમાં ભક્તિ અને સંગીતનો સંગમ: વડોદરામાં 'કૃષ્ણ ફોરેવર 2026'નું આયોજન

5 નવેમ્બરે માંજલપુરના વ્રજધામ આધ્યાત્મિક સંકુલમાં ભજન જામિંગ કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

દિવાળીના પર્વને ભક્તિ અને સંગીતના રંગે ઉજવવા વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન (VYO) યુથ વિંગ, વડોદરા દ્વારા આગામી તા. ૫ નવેમ્બરના રોજ 'કૃષ્ણ ફોરેવર 2026 - ભજન જામિંગ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. માંજલપુર સ્થિત વ્રજધામ આધ્યાત્મિક સંકુલ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની સામે સાંજે ૭:૩૦ કલાકે યોજાનારા આ કાર્યક્રમમાં યુવાનોને કૃષ્ણભક્તિ અને ભારતીય આધ્યાત્મિક પરંપરા સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવશે.

કાર્યક્રમમાં શ્રીવલ્લભકુલભૂષણ વૈષ્ણવાચાર્ય પૂજ્ય વ્રજરાજકુમારજી મહારાજશ્રીનું પાવન સાન્નિધ્ય અને આશીર્વચન પ્રાપ્ત થશે. તેઓ 'આધ્યાત્મિક અનુષ્ઠાનોનું મહત્ત્વ - ભાગ 2' વિષય પર વિશેષ ઉદ્બોધન આપશે. આ પ્રસંગે જાણીતા યુવા કલાકાર પ્રિયાંશ શાહ દ્વારા લાઇવ ભજન પ્રસ્તુતિ કરવામાં આવશે. જેમાં પરંપરાગત કૃષ્ણભજનોને આધુનિક સંગીત, લય અને સામૂહિક ગાયનના સમન્વય સાથે રજૂ કરાશે. આથી ભક્તો અને યુવાનોને ભક્તિ સંગીતનો અનોખો અનુભવ મળશે.

'આ દિવાળી, ભક્તિવાળી વાઇબ'ના સંદેશ સાથે યોજાનારા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા પેઢીમાં ભારતીય સંસ્કૃતિ, સંસ્કાર અને આધ્યાત્મિક ચેતનાનો સંચાર કરવાનો છે. કાર્યક્રમમાં પરિવારો, ભક્તો અને સંગીતપ્રેમીઓ સહિત તમામ નાગરિકોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

સાંભળી કે બોલી ન શકવાની મર્યાદા વચ્ચે પણ કલા અને કૌશલ્યના બળે પોતાની આગવી ઓળખ ઊભી કરી

શબ્દો વિના સંવાદ, કલાથી સર્જે છે ઉત્સવનો શણગાર સવિતાબેન અને ભીખાભાઈ પ્રજાપતિની અનોખી કલા

અવાજ વિના કલા દ્વારા ઓળખ ઊભી કરતું અમદાવાદનું મૂક-બધિર પ્રજાપતિ દંપતી



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

કલા એવી અભિવ્યક્તિ છે, જેને શબ્દોની જરૂર પડતી નથી. હાથની આંગળીઓમાં રહેલી સર્જનાત્મકતા અને મનમાં રહેલી કલ્પનાશક્તિ જ્યારે એકસાથે મળે છે, ત્યારે એક સુંદર કૃતિ આકાર લે છે. આ વાતને સાર્થક કરી રહ્યાં છે અમદાવાદના મૂક-બધિર પ્રજાપતિ દંપતી સવિતાબેન અને ભીખાભાઈ પ્રજાપતિ. સાંભળી અને બોલી ન શકવાની મર્યાદા હોવા છતાં તેમણે પોતાની કલા અને કૌશલ્યને જ અભિવ્યક્તિનું માધ્યમ બનાવ્યું છે. સ્વદેશી ઘાટ મેળામાં તેઓ પરંપરાગત ગુજરાતી તોરણો સહિત વિવિધ ડિઝાઈન અને પ્રકારનાં હસ્તનિર્મિત તોરણો દ્વારા તહેવારોના શણગારમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી રહ્યાં છે.

અમદાવાદના સવિતાબેન અને ભીખાભાઈ પ્રજાપતિ દ્વારા તૈયાર કરવામાં આવતાં તોરણોમાં ગુજરાતી સંસ્કૃતિની પરંપરાગત ઝલક જોવા મળે છે. ઘરના પ્રવેશદ્વારને શુભ અને આકર્ષક બનાવતાં પરંપરાગત ગુજરાતી તોરણો ઉપરાંત તેઓ વિવિધ ડિઝાઈન અને રંગસંગતિ ધરાવતાં તોરણોનું પણ નિર્માણ કરે છે. ખાસ કરીને કોડિઓ જેવી વિવિધ સામગ્રીનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવતાં તોરણો તેમની સર્જનાત્મકતાને વધુ આકર્ષક બનાવે છે. દરેક તોરણમાં રંગો, આકારો અને નાની-નાની વિગતોનું સુંદર સંયોજન જોવા મળે છે.તેમના માટે સંવાદનું માધ્યમ ભલે શબ્દો ન હોય, પરંતુ તેમની કારીગરી જ તેમની ઓળખ બની છે. હાથની કુશળતા, ધીરજ અને સતત સર્જનશીલતાના સહારે તેઓ વિવિધ તહેવારો અને પ્રસંગોને અનુરૂપ તોરણો તૈયાર કરે છે. તેમની આ હસ્તકલા માત્ર એક ઉત્પાદન પૂરતી મર્યાદિત નથી, પરંતુ પરંપરાગત ગુજરાતી શણગારની કળાને જીવંત રાખવાની સાથે સ્વહુનર અને આત્મનિર્ભરતાનું પણ સુંદર ઉદાહરણ પૂરું પાડે છે.

સ્વદેશી મેળામાં તેમના દ્વારા તૈયાર કરવામાં આવતાં આ હસ્તનિર્મિત તોરણો મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યાં છે. સવિતાબેન અને ભીખાભાઈની આ સર્જનયાત્રા એ સંદેશ આપે છે કે અભિવ્યક્તિ માટે અવાજ હોવો અનિવાર્ય નથી પરંતુ કૌશલ્ય, સંકલ્પ અને સર્જનાત્મકતા હોય તો પોતાની ઓળખ કલા દ્વારા પણ ઊભી કરી શકાય છે.

અકસ્માતની સ્થિતિમાં ગોત્રી હોસ્પિટલની ૨૪ કલાક ઇમરજન્સી સેવા સુસજ્જ

સાવચેતી અને જાગૃતિ સાથે દીપોત્સવ ઉજવવા ગોત્રી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટની અપીલ

ફટાકડા ફોડતી વખતે બાળકો અને વડીલોની સુરક્ષાનું ખાસ ધ્યાન રાખવું જરૂરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

દિવાળીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે શહેરમાં ઉત્સાહ અને રોશનીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ દરમિયાન નાગરિકો સુરક્ષિત રીતે તહેવારની ઉજવણી કરે તે હેતુથી જી.એમ.ઈ.આર.એસ. ગોત્રી હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. અનુપ ચંદાનીએ લોકઉપયોગી અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે, તહેવારની ખુશીઓમાં થતી નાની બેદરકારી પણ ગંભીર અકસ્માતનું કારણ બની શકે છે.

ફટાકડા હંમેશાં ખુલ્લા મેદાન કે ખુલ્લી જગ્યામાં જ ફોડવા જોઈએ. ભીડભાડવાળા વિસ્તારો, ગીચ વસ્તી અને વાહનોની નજીક ફટાકડા ફોડવાનું ટાળવું જોઈએ. ખાસ કરીને બાળકો ફટાકડા ફોડતા હોય ત્યારે વડીલોએ તેમની સાથે રહી સતત દેખરેખ રાખવી જરૂરી છે. ફટાકડા ફોડતી વખતે સિન્થેટિક કે નાયલોનનાં કપડાં પહેરવાને બદલે સૂતરાઉ કપડાં પહેરવા વધુ સુરક્ષિત છે.

અકસ્મિક આગ કે દાઝવાની ઘટના સમયે તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી શકાય તે માટે ઘરમાં પાણીની બાલ્ટી અને ફર્સ્ટ એઇડ બોક્સ તૈયાર રાખવા જોઈએ. ફટાકડા સળગાવવા માટે લાંબી અગરબત્તી અથવા સેફ્ટી હોલ્ડરનો ઉપયોગ કરવો જોઈએ. સળગેલા કે ન ફૂટેલા ફટાકડાને ફરીથી સળગાવવાનો પ્રયાસ કરવો નહીં તેમજ તેની નજીક જવાનું પણ ટાળવું જોઈએ.

કોઈ અનિચ્છનીય ઘટના બને તો ગભરાયા વિના તાત્કાલિક તબીબી સહાય લેવી જોઈએ. નાગરિકોની આરોગ્ય સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગોત્રી હોસ્પિટલ દ્વારા તહેવારો દરમિયાન પણ ૨૪ કલાક ઇમરજન્સી સેવા અને તબીબી નિષ્ણાતોની ટીમ તૈયાર રાખવામાં આવી છે. ડૉ. ચંદાનીએ નાગરિકોને સાવચેતી રાખી અકસ્માતમુક્ત અને સુરક્ષિત દિવાળી ઉજવવા અનુરોધ કર્યો છે.